ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

હળવે હળવે હળવે હરજી મારે મંદિર આવ્યા રે,
મોટે મોટે મોટે મેં તો મોતીડે વધાવ્યા રે..
કીધું કીધું કીધું મુંને કંઇક કામણ કીધું રે
લીધું લીધું લીધું મારૂં મન હરીને લીધું રે...

- નરસિંહ મહેતા

### પાથેય

- રમેશ ઠક્કર

## ભક્ત હદયનો લય...

આવર્તન સામાન્ય માણસ માટે એકવિધતા બની જાય છે.કવિ એમાંથી પણ કાવ્ય ઉપજાવે છે.એમાં પણ નરસિંહ જેવો કવિ હોય પછી વાત જ શું પૂછવી? કવિતાનો પ્રાણ એનો લય હોય છે..કહેવાની એક લઢણ હોય છે..મનમાં જે ભાવ છે એને અનુરૂપ શબ્દો સાચા સર્જક માટે સહજ બનીને આવી જાય છે..રમત રમતાં બાળકો વચ્ચે આપોઆપ રચાઈ જતા મિત્રવર્તુળની જેમ! કવિ પણ હોય અને હરિ ભક્ત હોય એવું સાયુજ્ય દુર્લભ ગણાય..ભક્તનો ઈંતજાર જયારે ઉત્કટ બની ઈશ્વરના આગમનને વધાવે ત્યારે શબ્દોનું જે ગુચ્છ રચાય છે એમાં આવર્તનનું આવું સૌંદર્ય રચાઈ જાય છે..હળવે હળવે હળવે હરજી મારે મંદિર આવ્યા રે!

નરસિંહનું નામ આપણી ભાષામાં અદકેરૂં છે..છસ્સો વરસ પછી પણ એમની કવિતાના ધબકાર જીવંત છે..એમનો કાર્યકાળ ઈ.સ.૧૪૦૪ થી ઈ.સ.૧૪૮૧ સુધી..ગુજરાતી ભાષા માટે એ મધ્યકાળ ગણાય છે..નરસિંહ એ માત્ર કવિ નથી, ભકત પણ છે..એનાં પ્રભાતિયાં થકી ગુજરાતનું પરોઢ ઉગે છે.!

નરસિંહ મહેતાનો જન્મ તળાજામાં..પિતાનું નામ કૃષ્ણ દામોદર મહેતા..માતા દયાકુંવરબાઇ..એ વડનગરા નાગર..જાણીને નવાઈ લાગશે પણ એમની મુળ અટક હતી પંડયા..! ઈ સ.૧૩૦૦ આસપાસ તળાજામાં ચુડાસમા રાજવી નાગાર્જુનનું શાસન હોય છે...ત્યારે નરસિંહના એક વડવા નામે ગદાધર પંડયા રાજાની આજ્ઞાથી ત્યાં આવી વસે છે...એમનો વંશવેલો આગળ ચાલે છે..નાગરો યજમાન વૃતિ નથી કરતા..નરસિંહના વડવાઓએ આજીવિકા માટે વેપાર પણ કરવા માંડયો..રાજાએ ખુશ થઈ એમને બે ગામો જાગીર તરીકે આપ્યાં..ઈશ્વરપુરા અને મહાદેવપુરા..એ રીતે મહેતાગીરી કરતું કુટુંબ ક્રમશઃ મહેતા તરીકે જાણીતું થયું..એમના દાદા પુરૂષોત્તમની પેઢી સુધી તો પંડયા અટક ભૂતકાળ બની ગઈ.

પ્રસિધ્ધ કવિ જયદેવની કૃતિ 'ગીત ગોવિંદ' એણે બરાબર આત્મસાત કરી હતી..એમાંથી જ આવ્યો શૃંગાર રસ અને ગોપી ભાવ..શરૂઆતમાં નરસિંહે પ્રચૂર શૃંગારકાવ્યો લખ્યાં..પાંચ વર્ષની ઉંમર થાય એ પહેલાં એણે માતા પિતા ગુમાવી દીધાં હતાં..એમના વડવાઓ બધા શૈવ પંથી હતા...નાનપણથી નરસિંહને બોલાવામાં તકલીફ પડતી..એ અવાચક જ હતા.પાંચ વરસના નબાપા આ બાળકને એક સંત મળે છે. એમનું નામ ગોવિંદસ્વામી..એ ચમત્કારિક રીતે આ બાળકને બોલતો કરે છે..સ્વામી કૃષ્ણપંથી પ્રચંડ સિધ્ધપુરૂષ હોય છે...એમની પ્રેરણાથી એ કૃષ્ણ ભક્ત બને છે..અને ભકિત પદોથી ગુજરાતી ભાષા છલકાઈ જાય છે.

નરસિંહ મહેતા સંસ્કૃતના પણ મોટા વિદ્વાન હતા...એ પ્રાકૃત પણ જાણતા..આપણે જેને આધુનિક ગુજરાતી ભાષા કહીએ છીએ એ શરૂ કરનાર નરસિંહ મહેતા છે..એ અચ્છા ગાયક હતા..શાસ્ત્રીય સંગીતના મહારથી હતા..પોતાની આ બધી પ્રતિભા થકી એમણે ગુજરાતીને ઠરીઠામ કરી..તળાજાનું જાણીતું વૈષ્ણવ ટીલું (તિલક),

અનુસંધાન પાના નં. ૭ પર

# હાર્દિક પટેલનો 'દિશાભ્રમ' પૂરો થયો

**તંત્રીસ્થાનેથી...**

રાજકારણમાં પણ ચમત્કારો સરજાતા રહે છે. નરેન્દ્ર મોદીએ ભારતીય રાજકારણનો સૌથી મોટો ચમત્કાર છે. ગુજરાત જેવા શાંત અને સૌહાર્દપૂર્ણ પ્રદેશમાં કયારેક 'ભુક્કા' બોલાવી દેવાના હાકલા પડકારા કરનારા ઈંદુલાલ યાજ્ઞિક છવાઈ જાય છે. કયારેક નરેન્દ્ર મોદીની વાકછટા પર મોહિત ગુજરાત કેશુભાઈ પટેલ અને શંકરસિંહ વાઘેલા જેવા પ્રસ્થાપિત નેતાઓને સાઈડલાઈન કરી નવી પેઢીના નેતા તરીકે એક સંઘ પ્રચારકને ઊંચકીને ચમત્કાર સર્જે છે અને ભારતના રાજકારણની શિકલ બદલી નાખે છે તો કયારેક યુવા ત્રિપુટી હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જિજ્ઞેશ મેવાણીમાં પોતાનું ભવિષ્ય નિહાળે છે. કશું જ કાયમી નથી છતાં ગુજરાતમાં ૧૯૯૫થી આજપર્યંત કેસરિયું શાસન અકબંધ રહ્યું છે અને ગુજરાતમાં પૂરું એક 'તપ' (= બાર વર્ષ) તપીને દિલ્હી પહોંચેલા નરેન્દ્ર મોદી ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી જીતી હેટ્રિક લગાવવા કૃતસંકલ્પ છે. આ તાસીર આપણી લોકશાહીની છે, જેમાં સત્તા હસ્તગત થયા પછી લાંબા વખત સુદી એક જ નેતાની દાસી થઈને એની પગચંપી કરતી રહી છે - નહેરુ, ઈંદિરા ગાંધી અને નરેન્દ્ર મોદી એનાં રાષ્ટ્રીય ઉદાહરણ છે. ગુજરાત કયારેક પાટીદાર તો કયારેક ક્ષત્રિય નેતાઓનો પ્રભાવ હેઠળ રહેતું આવ્યું છે. સમાધાન ફોર્મ્યુલા સ્વરુપે કવચિત વાણિતા-બ્રાહ્મણ કોમ પર રાજ કરતી રહી છે. ગુજરાતના સુવર્ણકાળ તરીકે પંકાયેલા સોલંકી યુગમાં ખરાં શાસનસૂત્રો મુંજાલ મહેતા જેવા દીવન પાસે રહેતાં આવ્યાં છે. અત્યારે આઈએએસ લોબી જ રાજ કરે છે પણ જન પ્રતિનિધિ તરીકે વકાયેલા મુખ્યમંત્રીના નામે. કયારેક આંદોલનો નેતાઓ આપ્યા છે અને તે લાંબી રેસના ઘોડા પુરવાર થયા છે. મહાગુજરાત આંદોલને પ્રબોધ રાવળ, બ્રહ્મકુમાર ભટ્ટ અને હરિહર ખંભોળજા જેવા નેતાઓ આપ્યા હતા પરંતુ જ્ઞાતિવાદી સમીકરણો સાનુકૂળ નહીં હોવાથી એ પૈકીના કોઈને ગુજરાતના સુકાની બનવાનું સૌભાગ્ય નહોતું સાંપડ્યું. ખોડલધામના નામે એના ચેરમેન નરેશ પટેલ અને પાટીદાર આંદોલનના મુખ્ય સૂત્રધાર તરીકે હાર્દિક પટેલ ગુજરાતમાં પાટીદાર રાજકારણને પુનર્જીવિત કરવા નિરંતર પ્રયત્નશીલ રહ્યાં છે. બેઉને મહત્ત્વાકાંક્ષાઓ છે એટલી જે મોટી મર્યાદાઓ પણ નડી રહી છે. નરેશ પટેલ સમજે છે ગુજરાતમાં પાટીદારનું સત્તારોહણ કોઈ મોટા રાજકીય પક્ષમાં જોડાયા વગર શક્ય નથી. હાર્દિક પટેલે પાટીદાર મુખ્યમંત્રી આનંદીબેન પટેલને 'ફોઈબા' જેવા માનવાચક સંબોધનપૂર્વક ગાદી છોડવા મજબૂર કર્યા હતા તે સર્વવિદિત છે. પાટીદાર આંદોલનના વિદ્યાર્થી નેતાઓ આખરે વેરવિખેર થઈ ગયા છે. કોઈ 'આપ' માં છે તો કોઈ ભાજપમાં ભળી જઈને તકની રાહ જોઈ રહેલ છે. હાર્દિક પોતાને બધા કરતાં ચડિયાતો નેતા ગણતો હતો અને એના ઉપવાસ કર્મકાંડે મમતા બેનરજી જેવાં વિપક્ષી નેતાનું પણ ધ્યાન ખેંચ્યું હતું. હાર્દિક આખરે કોંગ્રેસના યુવા નેતા રાહુલ ગાંધીની આંખમાં વસી ગયો હતો અને એના ગુજરાતના સિનિયર કોંગ્રેસીઓની ધરાર અવગણના કરીને એને પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ જેવો નવો હોદ્દો સુપરત કરાયો હતો. પાટીદારોથી વિમુખ થઈ ગયેલી ગુજરાત કોંગ્રેસમાં શક્તિશાળી પાટીદાર યુવા નેતાના પ્રવેશથી પાર્ટીને ૨૦૧૭ની ચૂંટણીમાં લાભ પણ થતો હતો. પરંતુ આખરે કોંગ્રેસ હાઈકમાંડ અને હાર્દિક પટેલ બેઉનું ભ્રમનિરસન થઈ ગયું છે અને પાર્ટી હાઈકમાંડ પોતાની વાત કાને નહીં ધરતું હોવાના મુદ્દે હાર્દિક પટેલે કોંગ્રેસને રામ રામ કરી દઈ એના નેતાઓનાં લૂગડાં ઉતારવા માંડ્યાં છે. રાજીનામાની જાહેરાત સાથે જ એણે રાહુલ ગાંધીને કાર્યકરો કરતાં મોબાઈલમાં વધુ રસ હોવાનું જણાવ્યું છે. વળી પ્રદેશમાં સિનિયર કાર્યકરો રાહુલ સહિતના હાઈકમાન્ડને ભાવતાં ભોજનિયાં જમાડવામાંથી જ ઊંચા નથી આવતા, એ મુદ્દો પણ એણે ઉજાગર કર્યો છે. નરેશ પટેલ સાથે ચર્ચા કરીને હાર્દિક પટેલે હવે નવી પાર્ટી સાથે નાતરું કરી લઈ કોંગ્રેસનું ધનોતપતોન કાઢી નાખવાનો સંકલ્પ કર્યો લાગે છે. એ નવી પાર્ટી બીજી કઈ હોઈ શકે ? સીઆર પાટીલની રહેમ નજર હેઠળ હાર્દિક સામેના કેસો પાછો ખેંચાઈ ચૂકયા છે. હાર્દિક મહેનતું અને મહત્ત્વાકાંક્ષી યુવા નેતા છે. કોંગ્રેસે પોતાને કે નરેશ પટેલને આગળ ધરીને ચૂંટણી લડવાનું મન બનાવશે એવો દિશાભ્રમ થયો હતો તે એણે મોડે મોડે પણ સુધારી લીધો છે.

# રાજા કાલાસ્ય કારણમ્





અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

સૌરાષ્ટ્રની આ નદી બારમાસી હીત. કિનારેથી થોડે દૂર પીપળાનું વૃક્ષ અને એની નીચે ઓટલો. એના ઉપર એક માજી બેસી રહે. કોઈકને કાંઈક સમસ્યા હોય, તો માજી એનો ઉકેલ બતાવે. એની સમસ્યા ઊકલી પણ જાય. નજીકમાં એક મંદિર હતું. પદમપુર નામના આ રાજયમાં મહારાણી માયાદેવી. એકવાર સવારે પોતાની દાસીઓ સાથે અહીં ફરવા માટે આવી. એના પતિ સૂરજસિંહ ચાળીસ ગામોનો અધિપતિ, એકદમ વિનમ્ર, ઉદાર, ધાર્મિક, પ્રજાને સંતાનની જેમ પાળે. પરંતુ માયાદેવી ભારે અભિમાની. પતિના યશનું પણ એને અભિમાન. ઘમંડી અને ઉદ્ધત. કોઈને પણ ધૂતકારી કાઢે. રાજા અને રાણી નિઃસંતાન હતા.

દાસીઓમાં મુખ્ય વિજયા હતી. માજીએ વિજયાને બોલાવી. વિજયા એની પાસે ગઈ. એનો સંદેશો લઈને એ રાણી પાસે આવીને કહ્યું, 'રાણી બા! આ માજી તમને મળવા માગે છે.' રાણીએ સંમતિ આપી.

માજી મળવા આવ્યા. પરંતુ એણે માયાવતીનો પ્રણામ ન કર્યા; એથી એ છોડાઈ પડી - 'હું આ પ્રદેશની મહારાણી છું. તારામાં મને વંદન કરવા જેટલો વિવેક નથી?' માજીએ હળવાશથી કહ્યું, 'બહેન! હું તો તમને મળવા આવી હતી, તું નિઃસંતાન છો; એનો ઉપાય બતાવવાની હતી. પરંતુ તારું પોતાનું આ અભિમાન અને ઘમંડ તને નડશે.' માયાવતી ક્રોધથી ભડકી ઊઠી. ધૂત્કારીને માજીને કાઢી મૂક્યા. વિજાય એને ઓટલા સુધી મૂકવા ગઈ. માજીએ છૂટા પડતી વખતે વિજયાને કહ્યું, 'રાજા કાલસ્ય કારણમ્' આ રાણી ઘમંડથી અપમાન કરતી રહેછે. પરંતુ રાજય ઉપર આફતો વરસતી રહેશે.'

શબ્દો સાચા પડ્યા. રાજયમાં ભયંકર દુષ્કાળ થયો. પશુપંખી, માણસો સૌ કોઈ ત્રાસી ગયા. લોકો ગામ છોડવા માંડ્યા. આભમાંથી આગ વરસતી ગઈ.

રાજા સૂરજસિંહ એકવાર સૂર્યોદય સમયે દેવ સવિતાનારાયણને વિનવવા લાગ્યા. 'પ્રજા હેરાન છે. રાજા કાલસ્ય કારણમ્.' મને દંડ આપો. પ્રજાને બચાવી લો. 'વિજયા સાંભળી ગઈ. રાજાને કહ્યું, 'ચા લો, મારી સાથે,' રાજાએ વેશપલટો કરી લીધો. કોઈ એને ઓળખી ન શક્યું. વિજયા એને માજી પાસે લઈ આવી. માજીએ એને કહ્યું, 'આવો સૂરજ સિંહ.' રાજાને નવાઈ લાગી. એ માજીના પગમાં પડ્યો. અને વિનંતી કરી. 'રાણીનો દોષ મને ચડાવો. મને સજા કરો. મારી પ્રજાની આફત દૂર કરો.' માજીએ એને એક ભૂર્જપત્ર આપ્યું અને કહ્યું, 'આમાં ઉપાય છે.'

રાજાએ ભૂર્જપત્ર વાંચ્યું. એ અંતઃપુરમાં આવ્યો. રાણીને કહ્યું, 'આ પ્રજા તારે કારણે હેરાન થાય છે.' બધી વિગતો જાણીને રાણીને ભારોભાર પસ્તાવો થયો. ભૂર્જપત્રની સૂચનાઓ એણે વાંચી. એ મુજબ રાજારાણીએ વ્રત રાખ્યું. અગિયાર રવિવાર કર્યા. બારમે રવિવારે અગિયાર કન્યાઓને લાપસી જમાડી. દુષ્કાળ જતો રહ્યો. પ્રજા સુખસંપન્ન થઈ. રાજારાણી ઉઘાડા પગે પીપળા પાસે આવ્યા. એને કોઈએ કહ્યું, 'માજી તો માતા ખોડિયાર છે. અને આ એનું મંદિર.' પછી તો રાણીને પુત્ર પણ જન્મયો.

### દિન મહિમા

- વિશ્વ મેટ્રોલોજી દિવસ
- વિશ્વ મધમાખી દિવસ

### આજનું ઔષધ

- ડાયાબિટીસમાં જમ્યા પછી જાંબુના બે-ત્રણ ઠળીયા ખાવા હીતાવહ છે.

### ખડખડાટ

- ઘરમાં એક જણ તો એવં હોય જ લાઈટ ગયાં પછી પૂછે લાઈટ ગઈ કે શું ?

### આજનો વોટ્સએપ

- જીવનમાં આગળ વધવું હોય તો પરિવર્તન અને પડકારોનો સામનો કરવો જરૂરી છે.

# સવિનય કાનૂન ભંગ આંદોલન બંધ કરવાનું કારણ શું હતું?

## સ્વતંત્રતા સંગ્રામનો ઈતિહાસ



ખજાનો

અનિલ પટેલ

૧ ૧૩ એપ્રિલ, ૧૯૧૯ કઈ મહત્વની ઘટના બની હતી ?
(અ) જનરલ ડાયરની હત્યા (બ) ઝલીયાવાલા બાગ હત્યાકાંડ
(ક) પુના કરાર (ડ) દાંડીકૂચ

૨ કોણે 'પંજાર - કેસરી' તરીકે ઓળખાતું હતું ?
(અ) લાલા લજપતરાય (બ) બાળ ગંગાધર તિલક
(ક) વિનાયક પાલ (ડ) ભગતસિંહ

૩ 'રાજનૈતિક સ્વતંત્રતા રાષ્ટ્રનો પ્રાણ છે' આ કોનું કથન છે?
(અ) ગાંધીજી (બ) લોકમાન્ય તિલક
(ક) અરવિંદ ઘોષ (ડ) જવાહરલાલ નહેરુ

૪ પૂર્ણ સ્વરાજની ઘોષણા કયા શહેરમાં કરવામાં આવી હતી ?
(અ) રાવલપિંડી (બ) મુંબઈ
(ક) કાનપુર (ડ) લાહોર

૫ વિશ્વભારતી સંસ્થાની સ્થાપના કોણે કરી હતી ?
(અ) વિવેકાનંદ સ્વામી (બ) રવિન્દ્રનાથ ઠાગોર
(ક) દયાનંદ સરસ્વતી (ડ) અરવિંદ ઘોષ

૬ ૫ ફેબ્રુઆરી ૧૯૨૨ કઈ મહત્ત્વની ઘટના બની હતી ?
(અ) ચૌરાચૌરીની ઘટના (બ) સન્યાસી વિદ્રોહ
(ક) અહમદીયા આંદોલનની શરુઆત (ડ) ચંપારણ સત્યાગ્રહ

૭ સન્યાસી વિદ્રોહ કયા રાજયમાં થયો હતો ?
(અ) બિહાર (બ) પંજાબ
(ક) બંગાળ (ડ) મુંબઈ

૮ કૂકા આંદોલન કોના નેતૃત્વમાં થયું હતું ?
(અ) શામળદાસ ગાંધી (બ) ભાઈ રામસિંહ
(ક) અલિ મુલસિયાર (ડ) લિયાકત અલી

૯ કયા આંદોલનને લીધે અંગ્રેજોએ તીન કઠિયા પ્રથા સમાપ્ત કરી હતી ?
(અ) ચંપારણ સત્યાગ્રહ (બ) બારડોલી સત્યાગ્રહ
(ક) મીઠાનો સત્યાગ્રહ (ડ) વિદેશી વસ્તુનો બહિષ્કાર

૧૦ ગાંધીજીને 'નંગા ફકીર' તરીકે કોણ ઓળખાવ્યા હતા ?
(અ) લોર્ડ ડફરિન (બ) વિસ્ટન ચર્ચિલ
(ક) જહોન રસ્કિન (ડ) ક્લીમેન્ટ એટલી

૧૧ ૧ નવેમ્બર ૧૯૧૩ના રોજ 'ગદર' પાર્ટીની રચના કયાં થઈ હતી ?
(અ) સાન ફ્રાન્સીસ્કો (બ) લંડન
(ક) સિંગાપોર (ડ) દક્ષિણ આફ્રિકા

૧૨ સવિનય કાનૂન ભંગ આંદોલન બંધ કરવાનું કારણ શું હતું ?
(અ) રોલેટ એકટ (બ) માર્લેમીન્ટો સુધારા
(ક) ગાંધી-ઈરવિન કરાર (ડ) મોન્ટેગ્યુ ચેમ્ફર્ડ સુધારા

૧૩ ૧૯૦૯માં થયેલ મોર્લેમીન્ટો સુધારાથી શું થયું ?
(અ) વેરામાં બોજ વધ્યો (બ) અંગ્રેજોનું દમન વધ્યું
(ક) આંદોલન ધીમું પડ્યું (ડ) કોમવાદી ઝેર ફેલાયું

૧૪ હંટર કમિશન શાને લગતું હતું ?
(અ) શિક્ષણ સુધારણા (બ) કૃષિ સુધારણા
(ક) આરોગ્ય વિષયક (ડ) કરવેરાને લગતું

૧૫ ટીપુ સુલતાનનું અવસાન કઈ સાલમાં થયું હતું ?
(અ) ઈ.સ. ૧૭૯૮ (બ) ઈ.સ. ૧૭૯૯
(ક) ઈ.સ. ૧૮૦૨ (ડ) ઈ.સ. ૧૮૦૮

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૨૦ મે :
  - લાલ, બાલ અને પાલની ત્રિપુટીઓના એક બિપીનચંદ્ર પાલનું નિધન (૧૯૩૨)
  - ઈકોનોમિસ્ટ અને ફિલોસોફર જહોન સ્ટર્ટનો લંડનમાં જન્મ (૧૮૦૬)
  - મશહુર ફ્રેન્ચ સાહિત્યકાર હોનોરે ડે, બ્લેન્ઝનો જન્મદિવસ (૧૭૯૯)
  - અમેરિકન ફિલ્મ ઉદ્યોગના મશહુર અભિનેતા જેમ્સ સ્ટેવર્ટનો જન્મદિવસ (૧૯૦૮)
- ૨૧ મે : ત્રાસવાદ વિરોધી દિવસ
  - સાગર ખેડૂ કિસ્ટોફર કોલંબસનું નિધન (૧૫૦૬)
  - રાજીવ ગાંધીની હત્યા થઈ (૧૯૯૧)
  - ઓસ્ટ્રેલિયાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ માલકોમ ફેસરનો જન્મદિવસ (૧૯૩૦)
  - અમેરિકન મહિલા પાયલોટ એમેલિયા અર્થાટે એટલાન્સિક સમુદ્ર પાર કરનાર પ્રથમ મહિલા બન્યા (૧૯૩૨)
- ૨૨ મે :
  - બ્રિટીશ સાહિત્યકાર સર ઓર્થર કોનાન ડોલેનો જન્મદિવસ (૧૮૫૯)
  - અમેરિકાના જોપ્લીન વિસ્તારમાં વિનાશક ટોર્નેડો ત્રાટકતાં ૧૬૦ લોકોના મોત થયાં (૨૦૧૧)
  - અમેરિકાના પૂર્વ પ્રેસીડેન્ટ રિચાર્ડ નિકશનનો પ્રથમવાર સોવિયેટ રશિયાની મુલાકાતે ગયા (૧૯૭૨)
  - ચિલી દેશમાં આવેલ વિનાશક ભૂકંપમાં ૫૭૦૦ લોકો માર્યા ગયા (૧૯૬૦)
- ૨૩ મે : (વર્લ્ડ ટર્ટલ ડે)
  - ભૌતિક શાસ્ત્રી અને ગણિતશાસ્ત્રી ડૉ. પી.સી. વૈદ્યનો જન્મદિવસ (૧૯૧૮)
  - અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક મેળવનાર ગણિતશાસ્ત્રી જહોન નાશનું ૮૬ વર્ષની વયે અવસાન થયું (૨૦૧૫)
  - સ્વીડનના વનસ્પતિશાસ્ત્રી કેર્લાસ લિનીયસનો જન્મદિવસ (૧૯૦૭)
  - 'રૂસ્તમે હિન્દ, રૂસ્તમે ઝમા'નું બિરુદ મેળવનાર પહેલવાન ગામાનું અવસાન (૧૯૬૦)
- ૨૪ મે : કોમન વેલ્થ દિવસ
  - મહાન ખગોળ શાસ્ત્રી નિકોલસ કોપર નિક્સ પુણ્યતિથિ (૧૯૯૫)
  - ક્વીન વિકટોરિયાનો જન્મદિવસ (૧૮૧૯)
  - ઉર્દૂ શાયર મશરુહ સુલતાન પુરીનું નિધન (૨૦૦૨)
  - આઈરીસ લેખક વિલિયમ ટ્રેવોરનો જન્મદિવસ (૧૯૨૮)
- ૨૫ મે :
  - જહોન એફ. કેનેડીએ અમેરિકા ચંદ્રની ધરતી પર પગ મુકશે તેવી જાહેરાત કરી (૧૯૬૧)
  - એરક્રાફ્ટ ડિઝાઈનર ઈગોર સિકોસ્કી એ હેલીકોપ્ટર બનાવ્યું (૧૮૮૯)
  - સુપ્રસિદ્ધ તત્તવચિંતક જે. કૃષ્ણમૂર્તિનો જન્મદિવસ (૧૮૮૫)
- ૨૬ મે :
  - અમેરિકન અવકાશયાત્રી સાલી રીડેનો જન્મદિવસ (૧૯૫૧)
  - મશહુર ફિલ્મ ડીરેકટરક અને પ્રોડ્યુસર સિડની પોલાડનું ૭૩ વર્ષની વયે અવસાન થયું (૨૦૦૮)
  - મશહુર જાઝ મ્યુઝીશીયન મિલીસ ડેવીસનો જન્મદિવસ (૧૯૨૬)

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

ગુજરાતના કયા આદિવાસી નેતાએ ભારતીય ટ્રાઈબલ પાર્ટીની રચના કરી છે ?

જવાબ : છોટુભાઈ વસાવા

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) અશ્વિન એલ. શર્મા : સે-૨૫ (૩) જીતેન્દ્ર ધરવાડિયા : સે-૨૯ (૪) હાર્દિક મકવાણા - સે-૨૪ (૫) ઋજિત રાવલ : સે-૭ડી (૬) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૭) મીત પી પટેલ : સરગાસણ (૮) ધાર્મિક બી પટેલ : કુડાસણ

### આ સપ્તાહનો સવાલ

પાટીદાર અનામત આંદોલનથી જાણીતા બનેલા કયા યુવા નેતાએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યું ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# કાલ કા પૈયા.... ઘૂમે રે ભૈયા...
## ત્યારે અને અત્યારે



હળવે હૈયે

પ્રકાશ લાલા

સમય.... આપણને બાંધી રાખતો, આપણને દોડાવતો - હંફાવતો સમય... આ સમય માટે કેટકેટલું કહેવાય છે નહીં ? સમય સરકી જાય છે, સમય કોઈને રોક્યો રોકાયો નથી, સમય બડા બલવાન હૈ, સમય સમયના ખેલ છે, સમય બહુ કિંમતી છે, સમય વર્તે સાવધાન, સમય પારખે તે સાચો, સમય બદલાય છે જયારે - બધું બદલાય છે ત્યારે, તને સમય નથી અને મારો સમય નથી.... આવું કંઈ કેટલુંય જેના માટે કહેવાય છે તે સમય એની સાથે કેટકેટલાં પરિવર્તનો લાવતો હોય છે, ખરું ને ? જે ગઈ કાલે હતું તે આજે નથી... આજે છે તે વળી આવતી કાલે નહીં હોય.

આજથી ૬૫-૭૦ વર્ષો પહેલાંના સમયમાં, રાત્રે વાળુ પછી (ન્યુ જનરેશન 'વાળુ' શબ્દ સાંભળી માથું ખંજવાળશે કે પછી શબ્દ દેશી લાગતાં મોં મચકોડશે! એટલે એમના માટે) - 'ડીનર' પછી ઘરમાં બધાં ટોળે વળી વાતો કરતાં બેસતાં. શિયાળો હોય તો ચોરસા - શાલ - પછેડીમાં ગોટમોટ થઈ, વચ્ચે સઘડીના તાપણે હાથ શેકતા ઘર-પરિવાર-ગામ - સમાજની વાતોનાં વડાં તળાય... લાઈટ્સ તો ત્યારે હજુ ગામડામાં કયાં પહોંચી હતી એટલે 'હિટર' વિશે સૌ અજાણ્યા. ફાનસના અજવાળે કામ થાય ને છોકરાઓનું ભણવાનું ય 'કંડિલ' ના પ્રકાશમાં... જો કે તે સમયે ભણતરનો - લેશનનો ભાર આટો બધો નહોતો.... 'ભાર વિનાનું ભણતર સાચા અર્થમાં હતું.' (આજની માફક આદર્શભરી વાતો ને એના અમલના નામે મીંડુ એવું ન હતું !!

શિયાળામાં ચામડી ફાટે તો ઘી કે દિવેલ આંગળી પર લઈ, સઘડી કે ફાનસ ઉપર સહેજ ગરમ કરી શરીરે માલીશ કરી દેવાની. સવારે ત્વચાં સુંવાળી સુંવાળી.... આજના ભાતભાતના ક્રીમ કે લોશન નામોનિશાન ન હતાં, અને જરુરે ય નહોતી, રાઈટ ?

આ તો થઈ ટાઢા ટબુક શિયાળાની વાત. ઉનાળો હોય તો તો જલસા જ જલસા... 'વાળુ' પછી કાં ઘર પરનાં પતરાં કે અગાશી ઉપર પથારીમાં ને નહીં તો ચોક કે ફળિયા - શેરીમાં ખાટલા ઉપર લંબાવીને મોડે સુધી ઠંડી હવાની લહેરો સંગ વાતો કરતાં કયારે આંખ મીંચાઈ (એ રાત પૂરતી જ સ્તો...) જતી તેથી ય સુધ ના રહેતી. પડોશ - ફળિયામાં વસતાં સૌ પરિવારો વચ્ચે એક જ પરિવાર જેવો સાચો પ્રેમભાવ જોવા મળતો.... ને એટલે જ રાત્રે જેનો ખાટલો - ઢોલડી હાથ આવ્યા તે પાથરી દઈને આડા પડી જવાનું, મારા - તારાનો કોઈ ભેદ કોઈનાય મનમાં નહીં ને કોઈ ઊઠાડે પણ નહીં... અરે મોડી રાત્રે ઠંડક જામે તો ઊંઘમાં જ ગમે તેનું ગાદલું - ગોદડી - ઓઢવાનું ખેંચી લેવાની ય છૂટ.... કદાચ આવો પ્રેમભાવ જોઈને રાત્રે શેરી - ફળિયાના શ્વાન પણ એવા જ ભાતૃભાવે આપણા ખાટલાના છેડે આવીને સૂઈ ગયાની જાણ તો સવારે આંખ ખુલે ત્યારે થતી !! અગાશીમાં કે પતરાં ઉપર સૂતાં હોઈએ તો કયારેક સવારે પગ પાસે આપણા 'પૂર્વજ' લ્હેરથી બેઠા હોય... ગભરાયા તો ગયા !! લાઈટ નહીં ને મનોરંજનનાં આજનાં જેવા ઉપકરણો પણ નહીં એ વર્ષોમાં સાંજ-રાતનો સમય આ રીતે આપણે સ સાથે બેસીને ગામનાં ... સૂવાનું પહેલું ને ઉઠવાનું ય વહેલું.... 'બળ, બુદ્ધિ ને ધન વધે...સુખમાં રહે શરીર' એ ઉક્તિ મુજબ.

સમય વીતવા સાથે આવેલાં પરિવર્તનનો ઈલેકટ્રીસિટી રેડિયો ને ટી.વી. લઈને આવ્યા. અને જીવવાના જૂના ક્રમમાં પણ પરિવર્તન આવ્યા. બધા સાથે બેસીને વાતો કરવાના બદલે રેડિયો સેટની આસપાસ ને વર્ષો પછી ટી.વી. આગળ બેસીને મનોરંજન માણસાં થયા... રેડિયો પરથી સમાચાર, ગીતો - ગાતા ગાથા - ફરમાઈશ, બુધવારની 'ઓલ ટાઈમ ફેવરિટ' બિનાકા ગીતમાલા અને ટી.વી. પરથી સિરિયલ્સ - ફિલ્મોને બીજું કંઈ કેટલુંય સારું - નરસું જોઈ રાત ભાંગતા થયાં...

અરે, ત્યાં સુધી તો સારું હતું.... ફિલ્મોની ડીવીડી ને વીસીઆર ભાડે લાવી, મહિનામાં એકાદ આખી રાત બે-ત્રણ ફિલ્મો જોઈ નાખવાનો 'વૈભવ' માણતા (ને ભાડુ વસુલ્યાનો સંતોષ ય ખરો) ત્યાં લગણ ગનીમત હતું પણ પછી કાળનું વહેણ પરિવર્તન લાવ્યું તે તો વધુ ખતરનાક પુરવાર થયું... વાત છે મોબાઈલનાં પગરણની, ઈન્ટરનેટ - ઈન્ફર્મેશન ટેકનોલોજીના વ્યાપ સાથે 'સેલ ફોન્સ' સુલભ બનવા લાગ્યા તેની. આજે તો સાંજે-રાત્રે ટી.વી. ચાલતો હોય ને સામે સોફા-ખુરશીમાં બેસી પરિવારની પ્રત્યેક વ્યક્તિ પોતપતાના મોબીલમાં મશગુલ હોય એવાં દશ્યોની નવાઈ નથી. વચ્ચે વચ્ચે ટી.વી. ઉપર ચાલતા કાર્યક્રમ પર દષ્ટિપાત કરી, કોઈ વોટ્સએપમાં વ્યસ્ત હોય, કોઈની ગુગલમાં ગડમથલ ચાલુ હોય, કોઈ ફેસબુક પર ફોટોગ્રાફ્સ જોવામાં કે કે પેસ્ટ કરી ફોરવર્ડ કરવામાં, ચેટીંગમાં - સર્ફિંગમાં ફસાયેલું હોય છે....

એક જ ખંડમાં બેઠાં હોવા છતાં પરિવારના બધા સભ્યો વચ્ચે ના કોઈ વાતચીત, ના ચર્ચા... 'પાસ પાસ ફિર ભી દૂર દૂર' જેવી દશા થઈ ગઈ છે. મોડે સુધી આ ચાલે પછી મોબાઈલમાં જ GN (ગુડ નાઈટ) કે JSK (જય શ્રી કૃષ્ણ) લખીને સૂઈ જવાનું !! અચર જ તો ત્યારે થાય છે જયારે સાથે રહેતા હસબન્ડ - વાઈફ રૂબરૂ કહેતા પહેલાં વોટ્સએપ કે ફેસબુકમાં એકબીજાને 'હેપ્પી બર્થ ડે' ને 'હેપ્પી મેરેજ એનિવર્સરી' વિશ કરે છે. કદાચ સમયના અભાવ કે સેલફોનના પ્રભાવ, કામના દબાણમાં ભૂલાઈ ના જાય કે ચૂકી ના જવાય તેની તકેદારીરુપે હશે...! પરંતુ છૂપો આશય તો બીજા લોકોને યાદ કરાવી 'વિશિશ' ને 'અભિનંદન' ઉઘરાવવાનો ય હોઈ શકે... 'સેલ્ફી' ને 'સેલ્ફ પબ્લિસીટી' ના સમયમાં આવી પહોંચ્યા છીએ આપણે.... સમય સાથે આવેલું આ પરિવર્તન સારું ય છે ને ખરાબ પણ !!